### કચ્છ જિલ્લાના કંડલા ખાતે ઇફકો નેનો (લિક્વિડ) પ્લાન્ટનું ભૂમિ પૂજન અને શિલાન્યાસ

# ખેડૂતો વધુ ઉપજ મેળવે તે કેન્દ્ર સરકારની નેમ : અમિતભાઈ શાહ

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપવાની સાથે નવી હરિયાળી ક્રાંતિના બીજ રોપાયા : નેનો ડી.એ.પી. ઉત્પાદનથી જમીન સંરક્ષણ સાથે ખેડૂતોની આવક વધશે અને ખાતરની આયાત ઘટશે : શ્રી અમિતભાઈ શાહ










કચ્છ, તા.૧૨

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે કચ્છ જિલ્લાના કંડલા ખાતે ઈફકો નેનો (લિક્વિડ) પ્લાન્ટનું ભૂમિ પૂજન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે સમગ્ર દેશ માટે ખૂબ જ ગૌરવની આ ક્ષણ છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પ્રધાનમંત્રી બન્યા બાદ દેશના ૧૫ કરોડ કિસાનોને સમૃદ્ધ બનાવવા "સહકાર સે સમૃદ્ધિ" ના આપેલ લક્ષ્યને સિદ્ધ કરવામાં ઈફકો અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. રોકેટ અને આણ્વિક કાર્યક્રમને મજબૂતાઈ આપનાર ડોક્ટર વિક્રમ સારાભાઈના જન્મદિવસ નિમિત્તે યાદ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. તેઓએ આ પ્લાન્ટ માટે ઈફકોના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર, બોર્ડ ના સભ્યો સહિત તમામ કિસાનોને હદયપૂર્વક અભિનંદન અને સાધુવાદ પાઠવ્યા હતા. તેઓએ કહ્યું કે આ નેનો ડીએપી અનેકવિધ ફાયદાઓ આપશે, તેનાથી ધરતી સુરક્ષિત થશે અને ધરતીમાં કેમિકલનું ઝેર ભળતું અટકશે તથા ધરતીની ફળદ્રુપતા પણ જળવાઈ રહેશે. આ ઉપરાંત કિસાનોની ધરતીની ફળદ્રુપતા ઓછી થવાની સમસ્યાઓથી પણ મુક્તિ મળશે. આ નેનો તરલ જમીનમાં ઉતરતું નથી પણ છોડ પર જ રહે છે. જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે, કિફાયતી દામ મળશે અને સબસિડીનો બીજો ઘટશે, યુરીયાની આયાત ઓછી થશે અને ભારત યુરિયાના ક્ષેત્રે આત્મ નિર્ભર બનશે. વિશ્વભરમાં સૌ પ્રથમ એવા આ નેનો ડીએપી ( લિકવિડ) પ્લાન્ટ સ્થાપિત કરી આદરણીય મોદીજીના "આત્મ નિર્ભર" ભારતના નિર્ધાર ને વેગ આપવા બદલ શ્રી શાહે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે ઉચિત દામ અને ઉચિત ગુણવત્તાથી જ ખેડૂતો સમૃદ્ધ બની શકે છે. તેઓએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં આજે ફરી એક હરિત ક્રાંતિની શરુઆત થઈ છે જે માત્ર ઉત્પાદનો લક્ષી જ નહીં પરંતુ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન માટેની છે. કૃષક વધુમાં વધુ ઉપજ અને તેના વધુમાં વધુ દામ મેળવી શકે તે દિશામાં આ હરિત ક્રાંતિના બીજ રોપાયા છે. તેઓએ કહ્યું કે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા ૯ વર્ષમાં વૈજ્ઞાનિક પ્રયાસો પરિણામે ભારત આજે અન્ન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયે કૃષિ અને કૃષકની સમૃદ્ધિ માટે ત્રણ લક્ષ્ય રાખ્યા છે. જેમાં પ્રથમ લક્ષ્યમાં જેમાં દેશ માત્ર ઘઉ અને અન્ય ધાન્યોના ઉત્પાદનોમાં જ નહીં પરંતુ દરેક ક્ષેત્રના ખાનપાનની ચીજોમાં આત્મનિર્ભર બને. જ્યારે બીજા લક્ષમાં કિસાનોની એક એકરમાં ઉપજને વધારવી અને ભૂમિનું સંરક્ષણ કરવું અને ત્રીજા લક્ષ્યમાં પ્રાકૃતિક ઉત્પાદનોનું વિશ્વમાં નીર્યાત કરી તેનો નફો સીધો જ કિસાનોના ઘર સુધી પહોંચાડવો. તેઓએ કહ્યું કે કેન્દ્રની ભાજપા સરકાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ત્રણેય લક્ષને સમર્પિત છે. આ ઉપરાંત આદરણીય મોદીજીના "સહકાર સે સમૃદ્ધિ"ના નિર્ધારને સાર્થક કરવા માટે સહકાર મંત્રાલય દ્વારા ત્રણ મલ્ટીસ્ટેટ કો ઓપરેટિવ સોસાયટીની પણ સ્થાપના કરવામાં આવી છે. જે પૈકી એક મલ્ટી કો ઓપરેટીવ સોસાયટી નવા બીજનું સંશોધન અને જુના બીજનું સંરક્ષણ કરશે. જ્યારે બીજી મલ્ટી સ્ટેટ કો. ઓપ.સોસાયટી કૃષિ ઉત્પાદનો કિસાનો પાસેથી ખરીદી તેની ભૂમિનું તેમજ ઉત્પાદનોનું સર્ટિફિકેશન કરી બ્રાન્ડ નેઈમ અને આકર્ષક પેકિંગ સાથે ભારત અને વિશ્વના બજારમાં માર્કેટિંગ કરશે જેનો સીધો ફાયદો કિસાનોને મળશે, આ ઉપરાંત ત્રીજી મલ્ટીસ્ટેટ કો. ઓપ .સોસાયટી નાનામાં નાના કિસાનો માટે પણ તેની પ્રોડકટને વિશ્વમાં નિર્યાત કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રે ખાતરના ઉત્પાદન અને વેચાણમાં ભારતની કૃષિ ક્રાંતિમાં ઈફકો એક મજબૂત સ્તંભ છે અને તે વધુ મજબૂત બનશે. તેઓએ કહ્યું કે આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ "સહકાર સે સમૃદ્ધિ" ના લક્ષ્યને સાકાર કરવા પેકસ થી લઈને એપેક્ષ સુધીની સંસ્થાઓમાં અનેક બદલાવ કર્યા છે અને પેક્સને બહુહેતુક બનાવવામાં આવી છે.

### રાજ્ય સરકારે રમતવીરો માટે જાહેરાત કરી

# નિવૃત રમતવીરોને દર મહિને ૩ હજારનું પેન્શન

અમદાવાદ,તા.૧૨

રાજયમાં નિવૃત્ત રમતવીરોને લઈ રાજ્ય સરકારે પેન્શનને લઈ મોટો નિર્ણય લીધો છે. રાજયના નિવૃત રમતવીરોને રાજ્ય સરકાર દર મહિને રૂપિયા ૩ હજારનો પેન્શન આપશે. જેના લાભ લેવા માટે રમતવીરોએ અરજી કરવાની રહેશે તેમજ રમતગમતમાં રાષ્ટ્રીય ક્ષેત્રે મેડલ જીત્યો હોય તેમને પણ પેન્શન આપવામાં આવશે.

રાજ્ય સરકારના આ મહત્વદાયી નિર્ણયમાં રાજ્ય તરફથી રમતમાં મોકલવામાં આવ્યા હોય તેવા સભ્યને પણ લાભ આપવામાં આવશે. જે સમગ્ર બાબતને લઈ ૭ સભ્યની કમિટીએ પેન્શન આપવા અંગે આખરી નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારનો રમત ગમત ક્ષેત્ર પ્રોત્સાહન આપવાને લઈ મહત્વદાયી નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં નિયમોની વાત કરીએ તો જિલ્લામાં વસતા અને ૫૦ વર્ષની ઉંમરના નિવૃત રમતવીરો કે જેઓએ રાષ્ટ્રીય કક્ષાએ વ્યકિતગત કે સાંધીક રમતમાં મેડલ મેળવેલો હોવો જોઈએ. નિવૃત્ત રમતવીરોને પોતાની કારકિર્દી દરમિયાન રમતગમત ક્ષેત્રે ૩૫ વર્ષથી વધુ વય સુધીમાં રાષ્ટ્રીય કક્ષાએ વ્યક્તિગત અથવા સાંધિક રમતમાં ગોલ્ડ, સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવેલો હોવા જોઈએ. અથના રાજ્ય તરફથી નેશનલ માટે મોકલવામાં આવ્યા હોય તેવા સભ્યને પણ પેન્શન પાત્ર ગણવામાં આવશે.

# સે-૮ પાસે પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ થતાં નવા સેકટરોમાં પાણીની ઘટ પ્રવર્તી

### પાણી પુરવઠા બોર્ડે નવી લાઇન નાંખતા હયાત લાઇન નીચે બેસી જતા ભંગાણ થયુ : પાણીનો પણ બગાડ થયો : તાત્કાલિક રીપેરીંગ હાથ ધરવામાં આવ્યુ : શહેરના નવા સેક્ટરોમાં છાશવારે પાણી પુરવઠો પ્રભાવિત થતા રહીશો પરેશાન



ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે જેને અનુલક્ષી સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. આ ખોદકામગીરી દરમિયાન અનેકવાર સમસ્યાઓ ઉદભવે છે. પાણી ગટરની લાઈનમાં ભંગાણ થવાની સાથે વિજળીના કેબલો પણ કટ થાય છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન સેકટર -૮ ના કોર્નર પાસે મુખ્ય લાઈન નીચે બેસી જતા ભંગાણની સમસ્યા સર્જાઇ હતી જેના લીધે લાઈનમાં ભરાયેલા પાણીનો પણ વેડફાટ થયો હતો આ સ્થિતિ વચ્ચે આજે નવા સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી. અલબત્ત નવા સેકટરોમાં સપ્લાયમાં ઘટ પ્રવર્તી હતી.

ગાંધીનગર શહેરમાં હાલ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે પાણી પુરવઠા દ્વારા સેકટરોમાં નવી લાઇન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં પાણીની લાઇનનુ ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે અનેકવાર હયાત લાઇનમાં ભંગાણ થવાની સાથે લીકેજીસની સમસ્યા ઉદભવે છે. આ સ્થિતિ વચ્ચે અનેકવાર પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. સેકટરોમાં પાણીની લાઈનના ખોદકામના લીધે અનેકવાર પ્રશ્નો ઉઠે છે ઘણીવાર સ્ટ્રીટ લાઇટના કેબલો પણ કટ થઈ જવાની સાથે વિજ પ્રવાહ પણ ખોરવાઈ જતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવે છે. ગઈકાલે પણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલી નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન સે--૧ ના તળાવ સામે સે-૮ ના કોર્નર પાસે નવી લાઇનના લીધે હયાત લાઇન નીચે બેસી જતા સમસ્યા સર્જાઇ હતી. આ ઠેકાણે મુખ્ય ૩૦૦ એમ એમ ની લાઇન નાંખવામાં આવી છે. જયારે નવી લાઇનની કામગીરી દરમિયાન જુની લાઇન બેસી જતા તેમાં ભંગાણ થયુ હતુ જેથી લીકેજીસના લીધે પાણીનુ ખાબોચિયુ ઉભરાયુ હતુ. આ સ્થિતિ વચ્ચે શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થયો હતો. અલબત્ત સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હતો શહેરના સે- ૧ થી ૧૩ માં આમ પણ પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ અનેકવાર ઉઠવા પામે છે. જયારે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પણ પુરતો સપ્લાય ન આપવામાં આવતો હોવાના લીધે તંત્ર દ્વારા પ્રતિદિન આપવામાં આવતા સપ્લાયમાં કાપ મુકવાની ફરજ પડતી હોય છે. આડા દિવસોમાં પણ પ્રતિદિન સપ્લાય થતા પુરવઠામાં અંદાજિત ૮ એમ એમ એલ ડી જેટલી ઘટ પ્રવર્તી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. શહેરમાં પાણીની નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ૨૪ કલાક સપ્લાય આપવાની યોજના અમલી બનતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે નવી લાઇન નાંખવાની કામગીરી દરમિયાન પણ વારંવાર સમસ્યા ઉદભવતા સેકટરવાસીઓ પરેશાન છે. સે - ૮ ના કોર્નર પાસે પાણીની મુખ્ય લાઇનમાં ભંગાણ થતા લાઇનમાં ભરાયેલા પાણીનો વેડફાટ થયો હતો જેના લીધે સેકટરોમાં સપ્લાય કરવામાં આવતા પુરવઠો પણ પ્રભાવિત થયો હતો. અગાઉ પણ ટ્રાન્સફર્મર બળી જવાના લીધે તેમજ અન્ય ટેકનિકલ કારણોસર નવા સેકટરોમાં પાણી પુરવઠો ઠપ્પ થઇ ગયો હતો આકરા ઉનાળા બાદ વરસાદી સિઝન નિખરી છે. ત્યારે પણ સેકટરોમાં પાણીની સમસ્યા હજુ પણ છાશવારે ડોકીયુ કરી જાય છે.

# સબ રજીસ્ટ્રારના ઘરેથી ૫૮.૨૮ લાખ રોકડા મળ્યા

### ઝડપાયેલા સબ રજીસ્ટ્રાર તુલસીદાસ મારકરણા વિરૂધ્ધ કાર્યવાહી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદના વેજલપુરમાં આવેલ સબ રજીસ્ટ્રાર અધિકારીને છઝમ એ છટકુ ગોઠવીને કચેરીમાંથી જ ઝડપી લીધો હતો. લાંચ સ્વીકારતા ઝડપાયેલા સબ રજીસ્ટ્રાર તુલસીદાસ મારકરણાના ઘરમાથી ૫૮ લાખ રુપિયાના મોટી રકમ મળી આવી હતી. આ સાથે જ ઘરમાં રાખેલ દારુની સીલબંધ બોટલોનો જથ્થો પણ મળી આવ્યો હતો. અમદાવાદ એસીબીની ટીમે ગાંધીનગર એસીબી પીઆઈ દ્વારા છટકાનુ આયોજન કરતા દોઢ લાખ રુપિયાની રકમ લાંચ રુપે લેતા જ અધિકારી તુલસીદાસ મારકણા ઝડપાયો હતો.

એસીબીના મદદનીશ નિયામક દિવ્યા રવિયા જાડેજા દ્વારા આરોપી તુલસીદાસ મારકણાના ઘરની ઝડતી લેવા માટે અન્ય પીઆઈની ટીમને મોકલી આપી હતી. છટકુ સફળ થતા વેંત જ એસીબીની ટીમોએ તેના ઘર અને અન્ય મિલકતોના સ્થળની વિગતોની સ્થળ સ્થિતિ જાણવા માટે પ્રયાસ કર્યો હતો. જેમાં તુલસીદાસના ઘરની ઝડતી લેતા મોટી રકમ એસીબીની ટીમને હાથ લાગી હતી.

લાંચ લેતા ઝડપાયેલા તુલસીદાસ મારકણાના ઘરે ઝડતી લેવા માટે એક અલગ ટીમને મોકલી આપી હતી. પીઆઈ આરઆઈ પરમાર અને તેમની ટીમે સબ રજીસ્ટ્રાર અધિકારીના ઘરની તલાશી લેતા ઘરમાંથી રોકડ રકમ મળી આવી હતી. આ રકમને જપ્ત કરીને રકમ ક્યાંથી અને કેવી રીતે તેના ઘરે આવી હતી તેની તપાસ શરુ કરવામાં આવી છે. આરોપીએ ભ્રષ્ટાચારની રકમથી જ રોકડ ભેગી કરી હોવાની પ્રાથમિક આશંકા મુજબ એસીબી ટીમે તપાસ શરુ કરી છે.

ઝડતી માટે ઘરે પહોંચેલી ટીમને રોકડ મળવા સાથે ઘરમાં જ રાખેલ દારુની બોટલો મળી આવી હતી. વિદેશી દારુની કાચની અલગ અલગ સીલ બંધ ૧૨ નંગ બોટલનો જથ્થો મળી આવ્યો હતો. બોટલો મળવાને લઈ એસીબીએ નજીકના વાસણા પોલીસ મથકમાં અલગથી પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.

આરોપી તુલસીદાસ મારકણાએ ફરિયાદી પાસેથી દોઢ લાખ રુપિયા લાંચ પેટે રકમની માંગણી કરી હતી. ફરિયાદીએ ૩૦ જેટલા દસ્તાવેજની નોંધણી કરવાની હતી.

આમ સબ રજીસ્ટ્રાર અધિકારી વર્ગ-૩ ના તુલસીદાસે પ્રત્યેક દસ્તાવેજના ૫ હજાર રુપિયા લેખે દોઢ લાખ રુપિયા આપવા કહ્યુ હતુ. આમ ફરિયાદીએ લાંચની રકમને આપવાને બદલે લાંચ રુશ્વત વિરોધી દળની કચેરીનો સંપર્ક સાધ્યો હતો. જયાં મદદનીશ નિયામક દિવ્યા રવિયા જાડેજાએ ગાંધીનગર એસીબીના પીઆઈ એનબી સોંલકી મારફતે છટકાનુ આયોજન કર્યુ હતુ. પીઆઈ સોલંકીએ સફળતા પુર્વક લાંચ લેતા આરોપી મારકણાને રંગેહાથ ઝડપી લીધો હતો.

# અમદાવાદીઓને મોજ કરાવતી હેલિકોપ્ટર જોય રાઈડ ફરીથી શરૂ

### લાંબા બ્રેક બાદ શરૂ થઈ રાઈડ : આ જોય રાઈડની ફી પ્રતિ વ્યક્તિ રૂ ૨૧૦૦ રૂપિયા ઉપરાંત રજી રાખવાનો નિર્ણય લેવાયો છે

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ રિવરફ્રન્ટ પર શરૂ કરાયેલી હેલિકોપ્ટર જોય રાઈડ અંગે મોટા અપડેટ સામે આવ્યા છે. અમદાવાદીઓ આજથી ફરી એકવાર હેલિકોપ્ટર જોય રાઈડ માણી શકશે. રાજ્યના એવિએશન વિભાગ દ્વારા મંજૂરી મળતા આખરે ૧ વર્ષના વિરામ બાદ પનુ જોય રાઈડ શરૂ કરવામાં આવી છે. ત્યારે હવે તમે ફરીથી હવામાં ઉડીને અમદાવાદની સફર માણી શકશો. આજથી એરોટ્રાન્સ કંપનીનું હેલિકોપ્ટર ૧૦ મિનિટ સુધી અમદાવાદમાં હવાઈ મુસાફરી કરાવશે. આ જોય રાઈડની ફી પ્રતિ વ્યક્તિ રૂ ૨૧૦૦ રૂપિયા ઉપરાંત રજી રાખવાનો નિર્ણય લેવાયો છે. આજે પુનઃ શરૂઆત સમયે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની વિવિધ શાળાના ૫ શ્રમજીવી પરિવારના બાળકોને મુસાફરી કરાવાઈ હતી. આ પ્રસંગે મેયર, ડે મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ધારાસભ્ય અને સ્કૂલ બોર્ડ સહિતના કુદ્ધષ ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. હવે આ જોય રાઈડને કોઈ મુશ્કેલી ન આવે તે માટે શાસ્ત્રોક્ત વિધિ અને શ્રીફળ વધેરી જોયરાઈડ ની પુનઃ શરૂઆત કરાઈ હતી. અમદાવાદમાં જોય રાઈડ શરૂ કરીને એક વર્ષ પણ પૂરુ થયુ નથી ને તે પહેલા જ તેના પાટિયા પડી ગયા હતા. અમદાવાદીઓ માટે ફેબ્રુઆરી મહિનામાં ગયેલુ હેલિકોપ્ટર જે ઉડ્યુ, તેના પછી પરત આવ્યુ જ ન હતું. અમદાવાદીઓ રિવરફ્રન્ટ પર જઈને હેલિકોપ્ટરમાં બેસી આખા શહેરનો નજારો જોવાની મજા માણતા હતા. રિવરફ્રન્ટ વોટર એરોડ્રામની પાસે જ હેલી પેડ પણ બનાવવામાં આવ્યું છે. જેમા અમદાવાદનો એરિયલ વ્યૂ બતાવવામાં આવે છે. આ રાઈડ મોટાભાગે ફુલ જ રહેતી હતી. હેલિકોપ્ટર તમને સાતથી વીસ મિનિટ સુધી અમદાવાદનો આકાશી નજારો બતાવાતો હતો. પરંતુ અચાનક કયા કારણોસર આ રાઈડ બંધ કરી દેવાઈ હતી. તે હવે ફરીથી શરૂ કરવામાં આવી છે

## ડેન્ગ્યુએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. આ તબક્કે બાંધકામ સાઈટને સીલ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. જયારે સે-૬ માં અપનાબજારની દુકાનો , પેટ્રોલપંપ, અને લાઈબ્રેરીને પણ નોટીસ આપવામાં આવી હતી. શિવાંશ -૧૫, શ્રીચંદ આયંશ, સ્કાયલાઈન, શિક્ષાપત્રી સહીતની સાઈટને પણ ડેન્ગ્યુના મચ્છરોના પોરા મળી આવતા તાકીદની નોટીસ આપવાની સાથે પોરાનાશક કામગીરી હાથ ધરવા માટે પણ સુચના આપવામાં આવી હતી.

## ઈંટ પણ મુકાઈ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટલ્લે ચઢી છે. અલબત્ત આઈ ટી આઈ વર્કશોપ માટે વૈક્લ્પિક જગ્યા ઉપલબ્ધ ન થતા આ યોજના સંદર્ભે વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ દોઢ વર્ષના અંતે પણ કામ શરૂ કરી શકાયુ નથી. કામની સમય મર્યાદા પણ પુર્ણ થવામાં આવી છે તેવા સંજોગોમાં સ્થળ પર એક ઈંટ પણ મુકવામાં આવી નથી. આ યોજના અન્વયે હાલની કામગીરી નજીકમાં સ્થિત ખુલ્લી જગ્યામાં શેડ તૈયાર કરીને થઈ શકે તે માટે તંત્ર દ્વારા દરખાસ્ત પણ કરવામાં આવી હતી જેની પાછળ અંદાજિત રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. પરંતુ આઈ ટી આઈ ને સુપ્રત કરવામાં આવેલી આ દરખાસ્ત અન્વયે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી જેના લીધે તેનો નિવેડો આવ્યો નથી બીજીતરફ આઈ ટી આઈના નવા બિલ્ડીંગનુ કામ પણ શરૂ કરી શકાયુ નથી. આઈ ટી આઈ ના નવા બિલ્ડીંગના નિર્માણ માટે ૧૬૨૧૧ ચો મી જગ્યા ઉપલબ્ધ છે. જયારે આ વિશાળ જગ્યામાં જુના બિલ્ડીંગના સ્થાને જી પ્લસ ૪ ની ડિઝાઈન મુજબ નવુ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરાયુ છે. જેમાં વિવિધ પ્રકારના વર્કશોપ ટ્રેડ સાથે , કાલાસરૂમ, એડમીન ઓફિસ પણ બનાવાશે આ ઉપરાંત નવા બિલ્ડીંગમાં રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ , ફાયર ફાઈટર સિસ્ટમ પણ લગાવામાં આવશે.

જયારે કમ્પાઉન્ડ વોલ ઉપરાંત સંકુલમાં બગીચો, પાણીની ટાંકી સંપ તેમજ નવા ટોઈલેટ બ્લોક પણ તૈયાર કરવામાં આવશે. જયારે આ યોજના પાછળ અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આઈ ટી આઈ ના નવા બિલ્ડીંગને અનુલક્ષી વર્ષ ૨૦૨૦ માર્ચ મહીનામાં જ વહીવટી મંજુરી આપી દેવામાં આવી હતી. જયારે ત્યારબાદ કાર્યયોજના તૈયાર કરી ટેન્ડર પ્રક્રીયાના અંતે વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો હતો. પરંતુ વર્ક ઓર્ડર આપવામાં આવ્યા બાદ દોઢ વર્ષના અંતે પણ હજુ સુધી કામ થઈ શક્યુ નથી આઈ ટી આઈ બિલ્ડીંગમાં હાલ કાર્યરત વર્કશોપ સહીતની કામગીરી અન્ય જગ્યાએ થઈ શકે તે માટે પ્રાથમિક તબક્કે નવી જગ્યાની શોધખોળ પણ કરવામાં આવી હતી પરંતુ કોઈ ઠેકાણુ પડયુ ન હતુ જયારે આખરે નજીકમાં નવો શેડ બનાવી કામગીરી કાર્યરત રાખવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે હજુ નવો શેડ બનાવાની યોજના પણ મંજુર થઈ નથી જેના લીધે દોઢ વર્ષથી આ પ્રોજેકટ ડેડ હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે.

## વિપક્ષી ગઠબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારા કાર્યકરો જે સંઘર્ષ કરી રહ્યા છે તે આખો દેશ જોઈ રહ્યો છે. તાજેતરમાં જ ત્યાં પંચાયતની ચૂંટણી યોજાઈ છે. આ ચૂંટણીઓમાં ટીએમસીએ કરેલા હિંસક રમખાણો પણ દેશે જોઈ છે. સત્રની શરૂઆત પહેલા દેશના ગૃહમંત્રીએ આ રાજકીય પક્ષોને પત્ર લખીને કહ્યું હતું કે, તેઓ મણિપુર પર તાત્કાલિક ચર્ચા કરવા માંગે છે અને એકલા મણિપુર પર જ વિગતવાર ચર્ચા કરવી જરૂરી છે. જો આવા સંવેદનશીલ વિષય પર ચર્ચા થઈ હોત તો મણિપુરના લોકોએ રાહત અનુભવી હોત અને સમસ્યાના ઉકેલ માટે કેટલાક નવા રસ્તાઓ બહાર આવ્યા હોત, પરંતુ આ લોકો મણિપુરની ચર્ચા કરવા માંગતા ન હતા, કારણ કે તેઓ જાણતા હતા કે મણિપુરની સત્યતા શું છે. તેમને મણિપુરના નાગરિકોની પીડા અને વેદનાની પરવા નહોતી.

## તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. હવે અદ્યતન મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન કાશ્મીર ઘાટીના નવા તારણહાર બની ગયા છે. ભારતીય વાયુસેનાના મોટાભાગના મિગ-ક્લાસ એરક્રાફ્ટને તબક્કાવાર દૂર કરવામાં આવ્યા હોવા છતાં, મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રનમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, જેણે તેની લડાયક ક્ષમતામાં વધારો કર્યો છે.

## પાકિસ્તાનના

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઉટગોઈંગ નેતા રાજા રિયાઝે રાષ્ટ્રપતિ અલ્વીને કાર્યપાલક વડાપ્રધાન તરીકે અનવર ઉલ હકની નિમણૂક અંગે સલાહ કરી છે.